# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વહિવટકર્તા તરીકેના 23 વર્ષ પૂર્ણ થતા રાજયમાં આજથી વિકાસ સપ્તાહની ઉજવણી શરૂ.. ગાંધીનગરમાં મુખ્યમંત્રી સહિત રાજ્ય મંત્રીમંડળના તમામ સભ્યોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી
2. વડોદરાના ભાયલીમાં યુવતી ઉપર સામૂહિક દુષ્કર્મ કેસમાં પાંચ આરોપીઓને ઝડપી પાડતી શહેર ક્રાઇમ બ્રાંચ
3. અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર બસ પલટી જતાં ત્રણના મોત અને મોરબીમાં ડૂબી જવાને કારણે ત્રણના મોત થતા એક જ દિવસમાં છ ના અપમૃત્યુ
4. નવસારીના ગણદેવી સુગર ફેક્ટરીમાં શેરડી પિલાણના વિધિવત આરંભ
5. સ્કંધમાતાની આરાધના સાથે પાંચમા નોરતાની ઉજવણી.. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રથમ વખત એકતા ગરબા યોજાયા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI AS AN ADMINISTATOR 23 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી ગુજરાતની 23 વર્ષની વિકાસ યાત્રાને ઉજાગર કરવા રાજ્યમાં આજથી વિકાસ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે.

વિકાસ સપ્તાહ દરમિયાન રાજ્યમાં લોકભાગીદારીથી વિવિધ કાર્યક્રમો યોજાશે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની થીમ આધારિત દિવસોની ઉજવણી થશે. આ ઉજવણી અંતર્ગત ગાંધીનગર ખાતે વિધાનસભામાં આજે મુખ્યમંત્રી સહિત રાજ્ય મંત્રીમંડળના તમામ સભ્યોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી..

(વોઇસ કાસ્ટ)

(વર્તમાન પ્રધાનમંત્રી અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૧માં ૭ ઓક્ટોબરે રાજ્યના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. આજે એક વહિવટકર્તા તરીકે પ્રધાનમંત્રી નરેદ્ર મોદીએ ૨૩ પૂર્ણ કર્યા છે. આ ઉજવણીના ભાગરૂપે રાજ્યમાં નરેન્દ્ર મોદીના તેમના શાસન દરમિયાન વિકાસ કામોથી પ્રસિદ્ધ થયેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી, કચ્છનું સ્મૃતિવન, શ્યામજી કૃષ્ણ વર્માનું સંગ્રહાલય સહિતના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા કરાશે..'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો પોતાના અનુભવો શેર કરી શકશે..ભારત વિકાસ પ્રતિજ્ઞા ,રૂ. ૩૫૦૦ કરોડના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત પણ યોજાશે.. )

----------------

## VADODARA-BHAYLI ACCUSED

વડોદરામાં બીજા નોરતે ભાયલી વિસ્તારમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ કરનાર પાંચ આરોપીઓને વડોદરાની ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. દુષ્કર્મ કરનાર 5 આરોપીઓ પૈકી 3 ઉત્તરપ્રદેશના હોવાનું સામે આવ્યું છે. ગરબા રમવા નીકળેલી 16 વર્ષની સગીરા તેના મિત્ર સાથે વડોદરાના ભાયલી-બીલ રોડ

વિસ્તારમાં બેઠી હતી, ત્યારે ૩ નરાધમોએ તેના મિત્રને ગોંધી સગીરા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું.

આરોપીઓ વડોદરાના તાંદલજા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. પાંચમાંથી ત્રણ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. તેઓ ઘણાં સમયથી તાંદલજા વિસ્તારમાં રહે છે. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમરે જણાવ્યું હતું કે હાલ પોલીસ દ્વારા આરોપીઓની તપાસ કરવામાં આવી રહી છે.

(BYTE- નરસિમ્હા કોમર, પોલીસ કમિશ્નર, વડોદરા)

આરોપીઓ પ્લાસ્ટર ઓફ પેરિસ કરવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ તેમણે જણાવ્યું છે. દુષ્કર્મ વખતે ત્રણ યુવાનો નશામાં હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે..

-----------------

## Classical Language

કેન્દ્ર સરકારે તાજેતરમાં પ્રાકૃત અને પાલી ભાષાને ક્લાસિકલ લેંગ્વેજ તરીકેનો દરજ્જો આપ્યો છે. ત્યારે પાટણમાં આવેલી પી.કે. કોટાવાળા આર્ટસ કોલેજના પ્રાકૃત વિભાગના વડા ડૉ. કૃણાલ કપાસીએ આ દરજ્જાને હર્ષભેર સ્વીકારીને વધુમાં જણાવ્યું કે, પ્રાકૃત સાહિત્યના અભ્યાસથી ભારતની પ્રાચીન સંસ્કૃતિને જાણવા માટે ઘણી બધી મદદ મળી રહેશે.

(બાઈટ – ડો.કૃણાલ કપાસી, પ્રાકૃત વિભાગના અધ્યક્ષ)

---------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## ACCIDENT

રાજ્યમાં આજે અકસ્માત અને ડૂબી જવાની ઘટનાઓમાં 6 મૃત્યુ નીપજ્યા છે.

અંબાજીના ત્રિશૂલિયા ઘાટ પર આજે બપોરે શ્રદ્ધાળુઓ ભરેલી લક્ઝરી બસ અકસ્માતમાં એક બાળક અને પુરૂષ સહિત ત્રણનાં મોત થયા હતા, જ્યારે 52 જેટલા લોકોને પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે..પોલીસ દ્વારા આપવામાં આવેલી પ્રથામિક માહિતી મુજબ આ તમામ શ્રધ્ધાળુઓ ખેડા જિલ્લાના હતા.. તેઓ દર્શન કરી પરત જતા હતા, ત્યારે રસ્તામાં બસ પલટી મારી રેલીંગ સાથે અથડાતા આ ઘટના બની હતી.

અન્ય બનાવમાં મોરબીમાં ડૂબી જવાની બે જુદી જુદી ઘટનામાં એક બાળક સહિત બે ના મોત થયા છે. મોરબીથી અમારાં પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે કે ,જૂના આર ટી ઓ પુલ પાસે મચ્છુ 3 ડેમમાં ડૂબી જતાં યુવાનનું મોત થયું

હતું. જ્યારે બીજા બનાવમાં ગુંગણ ગામે ખેત તલાવડીમાં ડૂબી જતાં20 વર્ષીય માતા અને 7 માસની પુત્રીના મોત નિપજ્યાં હતા. બનાવ અંગે મોરબી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

---------------

## SUGAR CANE CRUSHING

નવસારીમાં ગણદેવી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ સંચાલિત સુગર ગણદેવી ફેક્ટરીમાં આજે શેરડી પિલાણનો વિધિવત આરંભ થયો હતો.. યજ્ઞ પૂજા બાદ બોઇલર પ્રજ્વલન નો પ્રારંભ કરાયો હતો. શેરડીની નવી સિઝનમાં અંદાજીત ૧૦ લાખ ટન શેરડી પીલાણ નો લક્ષ્યાંક રખાયો છે..

મહારાષ્ટ્ર, જલગાવ, ધુલિયા, શિરપુર, નિઝર, આહવા, ડાંગ સહિત અંતરિયાળ ગામો થી શ્રમજીવી મજૂરો, બળદગાડા આવી ચૂક્યા હતા. વરસાદ ની પરિસ્થિતિ આધારે શેરડી કટિંગ શરૂ કરવા માં આવશે. આ સિઝન માં ખેડૂતો એ અંદાજીત ૩૬ હજાર એકર વિસ્તારમાં લામ સહિત શેરડીનું વાવેતર કર્યું હતું. નવી પિલાણ સીઝન માં રોજિંદા ૬ હજાર ટન સાથે સિઝન માં ૧૦ લાખ ટન શેરડી પીલાણ નો લક્ષ્યાંક પાર પાડવા માં આવશે.

--------------------

## VISHVA COTTON DIVAS-BANASKANTHA

કપાસના મહત્વને ઉજાગર કરવા સમગ્ર વિશ્વમાં દર વર્ષે 7 ઓક્ટોબરને વિશ્વ કપાસ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર દેશમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત બીજા નંબરે છે.

બનાસકાંઠા જિલ્લામાં પણ દાયકાઓથી ખેડૂતો કપાસની સફળ ખેતી કરી રહ્યા છે. જિલ્લાના દિયોદર, થરાદ, વાવ, સૂઇગામ, ભાભર, રાધનપુર, કાંકરેજ તાલુકામાં ખેડૂતો કપાસની સફળ ખેતી કરી અને કાચું સોનું ઉત્પાદન કરી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લાના ખેડૂત ઉદય પટેલ જણાવે છે કે કપાસની વૈજ્ઞાનિક ખેતી થકી ઓછા ખર્ચે વધુ નફો મળી રહ્યા છે.

(બાઇટ- ઉદય પટેલ, ખેડૂત, બનાસકાંઠા)

--------------------

## Navratri - District

આજે નવરાત્રીનો પાંચમો દિવસ છે. પાંચમા નોરતે મા સ્કન્ધમાતાની આરાધના કરવામાં આવે છે. માના આ સ્વરૂપને ચાર ભૂજાઓ છે તેમની જમણી બાજુની ભૂજામાં ભગવાન સ્કન્ધને ખોળે બેસાડયા છે તેઓ કમળના આસન પર બિરાજે છે તેમનું વાહન સિંહ છે માનું આ સ્વરૂપ મોક્ષદાયી છે.

રાજયભરના મંદિરોમાં માઈ ભક્તો દર્શન કરી રહ્યા છે. કચ્છના દેશદેવી માં આશાપુરાના મઢ ખાતે હજારો ભક્તો શીશ જુકાવી રહ્યાં છે. વધુ માહિતી આપી રહ્યા છે અમારાં પ્રતિનિધિ હેમાંગ પટણી .....

(વોઇસકાસ્ટ  હેમાંગ પટણી- પીટીસી-પશ્ચિમ કચ્છ)

નર્મદા જિલ્લાના એકતા નગરના સરદાર સરોવર ડેમ વ્યુ પોઇન્ટ-૧ ખાતે બે દિવસીય એકતા ગરબાનું પ્રથમવાર આયોજન કરાયું હતું. જેમાં રાષ્ટ્રીય એકતા માટે ગરબાની થીમ સાથે ગરબા ગવાયાં હતા.  તેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના કર્મચારીઓએ એકતાના સંદેશ આપતા પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા.

જામનગરની જલાની જારની પ્રાચીન ગરબીમાં માત્ર પુરુષો જ માતાજીના છંદ,દુહા અને ચોપાઈ પર ગરબી રમે છે. કોઈ પણ પ્રકારના અર્વાચીન વાજિંત્રો વગર માત્ર ઢોલ, નોબત પર રમાતી આ ગરબીમાં માઈકનો પણ ઉપયોગ કરવામાં આવતો નથી, ગરબે રમતા ભાઈઓ જ માતાજીના છંદ, દુહા અને ચોપાઈ બોલે છે અને બાકીના પુરુષો તે જીલે છે, અંદાજે 300 થી 350 વર્ષ જૂની આ ગરબીમાં 80 વર્ષના વૃદ્ધથી લઈ અને સાત વર્ષના બાળક માતાજીની આરાધના કરે છે.

. . . . . . . . . . . . .